મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૫ ટકા

ગાંધીનગર તાપમાન

શું સે-૨૪ બીજું ધારાવી બનશે?

ગાંધીનગર, તા.૧૮

કોરોનાનો કહેર દિવસેને દિવસે વધતો જઈ રહ્યો છે. ગાંધીનગરના અમુક વિસ્તારોમાં આ કેસની સંખ્યા પણ વધતી જઈ રહી છે. વધુ કેસ હોય તે સંખ્યાને કન્ટેન્ટ વિસ્તાર જાહેર કરવામાં આવ્યા છે આ ઉપરાંત ગાંધીનગર રેડ ઝોનમાં જ છે. મુંબઈના ધારાવી જેવા વિસ્તારમાં ગીચ વસ્તીનો વસવાટ છે. ત્યાં હાલ કેસની સંખ્યા વધતી જઈ રહી છે તેવી જ રીતે સેક્ટર-૨૪ના ઈન્દિરાનગર અને શ્રીનગરમાં પણ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં દિવસેને દિવસે કોરોનાના કેસની સંખ્યા વધી રહી છે . જો આ વિસ્તારમાં સરખુ ધ્યાન રાખવામાં નહીં આવે તો સ્થિતિ કપરી બનશે.

ગાંધીનગરમાં પ્રથમ તબક્કામાં કોરોનાના ૧૫ કેસ હતા ત્યારબાદ ગાંધીનગર કોરોના મુક્ત બની ગયું હતું. પરંતુ એકાએક આવનજાવનની છૂટછાટ આપવામાં આવતા અમદાવાદના કર્મીઓ ગાંધીનગરમાં આવતા કેસની સંખ્યામાં વધારો થતો જોવા મળ્યો હતો. અને તે સ્થિતિમાં આજે ગાંધીનગરમાં કેસની સંખ્યા ૧૫૦ ને પાર કરી ગઈ છે. મુંબઈના ધારાવીના ગીચ વિસ્તારમાં મોટા ભાગના શ્રમિકો જ રહે છે એટલે મુંબઈમાં રોગચાળો કંટ્રોલ કરવો હાલ મુશ્કિલ છે. આ ગીચ વિસ્તારમાં આ કામ કપરું બનતું જાય છે લોકો પણ જાગૃત ન હોય તેવા વિસ્તારમાં આ સ્થિતિ કઠિન બની જાય છે. તેમજ ગાંધીનગર શહેરમાં પણ આવા વિસ્તારમાં કેસ આવે તો જવાબદારી તંત્રની બને છે.

સેકટર-૨૪ના ઈન્દિરાનગર અને શ્રીનગરમાં કોરોનાના કેસ તો હતા જ અને દરરોજ કેસની સંખ્યા વધતી જઈ રહી છે. ધારાવી જેવી પરિસ્થિતિ થવાની શક્યતા અહી રહેલી છે. જેથી તંત્ર અહીં ટેસ્ટિંગ કે સોશિયલ ડિસ્ટન્સની અનિવાર્યતા સમજાવવાની સાથે કેસ ન વધે તે માટે માસ્ટર પ્લાન બનાવવાની જરૂર છે. જો આમ કરવામાં નહીં આવે તો દિવસેને દિવસે ગાંધીનગરમાં સંખ્યા વધતી જશે અને ગાંધીનગર રેડ ઝોનમાંથી ક્યારેય બહાર નહીં આવી શકે.

શાકભાજીના વેપારી અને ફેરીયાઓ દ્વારા કોરોનાની મહામારી ન ફેલાય તે માટે તેમના આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે. સેનેટરી ઈન્સ્પેકટર સુનિલભાઈ સોલંકી તથા ટીમ દ્વારા નગરના અગ્રણી અને ગાંધીનગર રિટેલર્સ એન્ડ પબ્લિક વેલ્ફેર એસોસીએશનના સેક્રેટરી વિનોદભાઈ ઉદેચાના સંકલનમાં વેપારીઓ અને ફેરીયાઓને હેલ્થકાર્ડ આપવામાં આવ્યા હતા.

જિલ્લામાં લોકડાઉનમાં ૩૭૪૩ વાહનો ડીટેઈન

ગાંધીનગર, તા.૧૮

કોરોના એ વિશ્વભરમાં હાહાકાર મચાવ્યો હતો. ત્યારે ભારતમાં કોરોના વધુ ન ફેલાય તે માટે ભારત સરકાર દ્વારા તા.૨૩ માર્ચ થી તા.૧૭ મે દરમિયાન લોકડાઉનને ૫૫ દિવસ થયા છે. તા.૧૮ થી ચોથુ લોકડાઉન શરુ થયુ છે. ત્યારે ત્રણ લોકડાઉન દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ૧૮૩૪ કેસ નોંધાયેલા છે જેમાં ૩૮૦૮ આરોપીની ધરપકડ કરી છે. જયારે ૩૭૪૩ વાહનો પોલીસ તંત્ર દ્વારા ડીટેઈન કરવામાં આવ્યા હતા.

જયારે પ્રથમ લોકડાઉન એટલે કે તા.૨૩ માર્છી ૧૪ એપ્રિલ માં ગાંધીનગર જિલ્લામાં વિવિધ પોલીસ મથકે ૫૯૭ ગુના નોંધાયેલા છે અને ૧૫૯૮ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જયારે બિનજરુરી લોકડાઉનમાં ફરતા નાગરીકોના ૧૬૩૬ વાહનો પોલીસ તંત્ર દ્વારા ડીટેઈન કરવામાં આવ્યા છે. જયારે બીજા લોકડાઉનમાં તા.૧૫ એપ્રિલ થી ૩ મે દરમિયાન ૭૭૯ ગુના નોંધાયા છે, જેમાં ૧૫૪૬ આરોપીની ધરપકડ કરાઈ છે અને ૧૦૨૯ વાહનો ડીટેઈન કરાયા છે. તેવી જ રીતે તા.૪ મે થી ૧૭ મે દરમિયાન ૪૫૭ ગુના નોંધાયા છે જેમાં ૬૬૪ આરોપીની ધરપકડ કરાઈ છે અને ૧૦૭૮ વાહનો ડીટેઈન કરાયા છે.

માસ્ક વિના દુકાન ચલાવતા વેપારી સહિત નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર પાસે આવેલા સાદરા ગામે માસ્ક વિના કરીયાણાની દુકાન ચલાવતા કલ્પેશ તખુજી ચૌહાણ અને ઉનાવા ગામે પ્રજાપતિ વાસમાં ગુટખાનું વેચાણ કરતા રાકેશકુમાર દશરથભાઈ પટેલને એલસીબી પોલીસે પકડી પાડી રૂ.૩૧૨૦ નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે લોકડાઉનમાં પણ કામ વિના ફરતા અને ગામમાં ટોળુ વળીને બેસતા નાગરીકોને પોલીસે ઝડપી પાડ્યા છે. જેમાં ચિલોડા પોલીસે આલમપુર પાસેથી ૨, ઈસનપુર મોટા ગામેથી ૭, માધવગઢ થી ૧ અને પેથાપુર થી ૧નાગરીકને પકડી કાર્યવાહી કરી હતી.

રાષ્ટ્રીય મુસ્લિમ સેનાના ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે મોહમંદ ઈસ્માઈલ પઠાણની વરણી

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત પ્રભારી જમાલ મેઘરજી ભલામણથી રાષ્ટ્રીય અધ્યક્ષ અલ્તાફ મેમન દ્વારા રાષ્ટ્રીય મુસ્લિમ સેના (સામાજીક સંગઠન)ના ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે પેથાપુરના મોહમંદ ઈસ્માઈલ બિસ્સમિલ્લાખાન પઠાણની વરણી કરવામાં આવી છે. આ વરણીને લઈ તેમના મિત્રો અને પરિવારજનોમાં આનંદની લ્હેર પ્રસરી જવા પામી છે. આ સામાજીક સંગઠનનો ઉદેશ સરકારી યોજનાઓનો ગરીબ વર્ગને લાભ મળે તેમાં મદદરૂપ થવાનો છે.

ઈસનપુર મોટા ગામે જુગાર રમતા ૭ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક આવેલા ઈસનપુર મોટા ગામથી શીવપુરા કંપા જતા માર્ગ પર ગૌચરની જગ્યામાં જુગાર રમી રહેલા ૭ શકુનીઓને રંગેહાથ ચિલોડા પોલીસે પકડી પાડ્યા હતા. ચિલોડા પોલીસને જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૬,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા પોલીસને બાતમી મળી હતી કે ઈસનપુર મોટા ગામ થી શિવપુરા કંપા તરફ જવાના માર્ગ પર વહાણવટી માતાના મંદિર નજીક ગૌચરની ખુલ્લી જગ્યામાં જુગાર રમાઈ રહ્યો છે. જેથી પોલીસે રેઈડ પાડતા જુગાર રમી રહેલા ઈસનપુર મોટા ગામના લાલાભાઈ મોહનભાઈ પ્રજાપતિ, કળવાભાઈ સોમાભાઈ પ્રજાપતિ, રોહિતભાઈ ગોરધનભાઈ પ્રજાપતિ, બંસીભાઈ ચંદુભાઈ પ્રજાપતિ,ભરતભાઈ નારણભાઈ પ્રજાપતિ, જનકભાઈ મોહનભાઈ પ્રજાપતિ, લાલાભાઈ રણછોડભાઈ પ્રજાપતિ, ઝડપાયા હતા.પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૦,૭૦૦ અને ૩ મોબાઈલ રૂ.૬૦૦૦ મળીને કુલ ૧૬,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઈન્ટર્નશીપ કરતા તબીબી વિદ્યાર્થીઓને અન્ય હોસ્પિટલમાં કોવીડ વોર્ડમાં ફરજ પર મુકતા નારાજગી

ગાંધીનગર, તા.૧૮

રાજયમાં કોરોનાએ અજગરી ભરડો લીધો છે. કોરોનાના કેસનો આંકડો રોજ વધતો જાય છે. રાજયમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા ૧૧ હજારથી વધુ છે. ત્યારે કોરોના વોરીયર્સ તરીકે સેવા બજાવી રહેલા ડોકટર્સ, નર્સ, પોલીસ સહિતના કર્મચારીઓમાં પણ કોરોના પ્રસરી રહ્યો છે. ત્યારે ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજના ઈન્ટર્નશીપ કરતા તબીબી વિદ્યાર્થીઓને ડેપ્યુટેશન પર નજીકની કોવીડ હોસ્પિટલમાં ફરજ પર મુકવામાં આવતા તબીબી વિદ્યાર્થીઓમાં નારાજગી જોવા મળી રહી છે. નામ ન આપવાની શરતે તબીબી વિદ્યાર્થીઓ જણાવી રહ્યા છે કે ઈન્ટર્નશીપમાં તેઓને સામાન્ય મહેનતાણુ આપવામાં આવે છે અને કોરોના વોર્ડમાં તેઓને ફરજ પર મુકવામાં આવે છે.

જયારે ઈન્ટર્નશીપ કરતા તબીબી વિદ્યાર્થીઓને કોરોના પોઝીટીવ આવે તો તેઓને માત્ર જે તે જગ્યાએ રહેતા હોસ્ટેલમાં કવોરેન્ટાઈન કરવામાં આવે છે. જયારે તેઓને પણ જરુરી સુવિધા પુરી પાડવામાં આવતી નથી. જયારે ઈન્ટર્નશીપ કરતા તબીબી વિદ્યાર્થીઓ નજીકની હોસ્પિટલમાં ફરજ પર જાય છે. પરંતુ કોવીડ સિવાયની ઓપીડીમાં પણ તેઓને માસ્ક આપવામાં આવતુ નથી. તેઓ પોતાના ખર્ચે માસ્ક લાવીને દર્દીઓની સેવા કરી રહ્યા છે.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર ભરતસિંહ સોમાજી, ઉ.વ. ૫૦
- સ્વ. શોભારબા ગગાજી બિહોલા, ઉ.વ. ૬૭
- સ્વ. સ્મીતાબેન મહેશચંદ્ર કિમખડવાલા, ઉ.વ. ૬૩
- સ્વ. અમરતભાઈ ચમનભાઈ રાવલ, ઉ.વ. ૪૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ધાબા ઉપરથી અવારનવાર પાણીની ટાંકી ઉભરાતી રહે છે. ઓપીડી વિભાગમાં આ પાણી આવતા દર્દીઓ પરેશાન થયા હતા. હાલમાં કોરોનાની મહામારી સમયે દર્દીઓ અને સ્ટાફની અવરજવર સિવિલમાં વધુ રહે છે ત્યારે આ રીતે સતત ઉભરાતું પાણી પરેશાની ઉભી કરે છે.

ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા ૫૦૦ કીટનું વિતરણ

ગાંધીનગર, તા.૧૮

કોરોના કોવિડ-૧૯ મહામારી સામે ઝઝુમતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને મદદરૂપ થવાના હેતુથી ગાંધીનગર સંસદીય વિસ્તારના સાંસદ તથા કેન્દ્રિયગૃહ મંત્રી દ્વારા માનવીય અભિગમના ભાગરૂપે અનાજ-કરિયાણાની કીટ વિતરણનું કાર્ય શરુ કરવામાં આવ્યું હતું. જે માટે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોને જવાબદારી સોંપવામાં આવી હતી. આ અંતર્ગત ભાજપના ગાંધીનગર મહાનગર બક્ષીપંચ મોરચા દ્વારા શહેર તથા પેથાપુર ગ્રામ્ય વિસ્તારોમાં બક્ષીપંચ મોરચાના પ્રમુખ ભીમશીભાઈ આહિર અને તેમની ટીમ દ્વારા તથા પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નીલેશભાઈ મોદી દ્વારા ગૃહ ઉપયોગી સામગ્રીની અંદાજિત ૧૦ કિલો વજનની ૫૦૦ જેટલી કીટોનું બક્ષીપંચ સમાજમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટોમાં લોટ, તેલ, ગોળ, ચોખા જેવી ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. લોકસેવાના આ કાર્યમાં બક્ષીપંચ મોરચાના કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પાલજ માર્ગ પર યુવક દારૂની બે બોટલ સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર -ચિલોડા માર્ગ પર આવેલ લેકાવાડા પાટીયા થી પાલજ તરફ જતા માર્ગ પર એક યુવકને દારુની બે બોટલ સાથે ચિલોડા પોલીસના જવાનોએ પકડી પાડયો હતો. ચિલોડા પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પાલજ તરફ જવાના માર્ગ પર થેલો લઈને ઉભેલા શંકાસ્પદ યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે યુવક પાસેથી થેલો ચેક કરતા અંદરથી ૭૦૦ રૂપીયાની વિદેશી દારુની બે બોટલ મળી આવી હતી. યુવકનું નામ પુછતા તે સાબરકાંઠાના રણાસણનો રવિન્દ્રસિંહ કરણસિંહ રાઠોડ હોવાનુ સામે આવ્યું હતું. ચિલોડા પોલીસે યુવક સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વાવોલમાં કોરોના પોઝિટિવ કેસો આવવાનું શરૂ થતાં જ ગામના અગ્રણી સેવાભાવી કાર્યકરો દ્વારા સર્તકતાના પગલા લેવામાં સહયોગ પુરો પાડવામાં આવી રહ્યો છે. વાવોલના ભાજપ અગ્રણીઓ શૈલેષભાઈ પટેલ અને દિલીપસિંહ ગોલ સહિત કાર્યકરો દ્વારા વિવિધ સોસાયટીઓમાં તથા ગામમાં હોમિયોપેથી દવાનું વિતરણ હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત દ્વારકેશ રેસીડેન્સીના પ્રમુખ કિશનપ્રસાદ અને સેવાભાવી કાર્યકર રાકેશભાઈ દરજીને સોસાયટી માટે હોમીયોપેથી દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પરપ્રાંતિયોની વતન તરફની દોડ હજુ ચાલુ જ છે. બસો અને ટ્રેનો મારફતે પરપ્રાંતિયોને તેમના વતન મોકલવામાં આવતા હોવાથી તેઓ હજુ એસટી બસ સ્ટેન્ડ પર ભીડ જમાવી રહ્યા છે. તંત્ર દ્વારા તેઓના આરોગ્યની ચકાસણી કરી તેઓને બસ મારફતે રેલવે સ્ટેશન સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે.

કોવિડ-૧૯ કટોકટીમાં પણ સતત કાર્યરત જુસિકાનો આજે ૨૧માં વર્ષમાં મંગલ પ્રવેશ

એમ્બ્યુલન્સથી માંડીને અંતિમવિધિ સુધીની અનેક આવશ્યક સેવાઓ માટે જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ હંમેશા ૨૪ કલાક કાર્યરત : જુસિકાની આરોગ્યલક્ષી સાધનોની સેવા અનેક માટે આશિર્વાદરૂપ સાબિત થઈ છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની પ્રથમ વિવિધલક્ષી પ્રવૃત્તિ ધરાવતી સેવાભાવી સંસ્થા જૂનિયર સિટીઝન કાઉન્સિલ તા.૧૯મી મે ૨૦૨૦ના રોજ ૨૦ વર્ષ પુર્ણ કરી ૨૧માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. શહેરમાં 'જુસિકા'ના હુલામણા નામથી જાણીતી સંસ્થા દ્વારા છેલ્લાં ૨૦ વર્ષથી વિવિધ પ્રકારની સેવા નગરજનોને પુરી પાડવામાં આવે છે જેમાં રકતદાન, ચક્ષુદાન, દેહદાન, અંતિમવિધિનો સામાન, શબવાહિની, એમ્બ્યુલન્સ, આરોગ્ય સુરક્ષા સાધનો વગેરે સેવાઓ માટે શહેરમાં ખૂબ જાણીતી છે.

કોવિડ-૧૯ જેવી મહામારી દરમિયાન પણ જુનિયર સિટીઝન કાઉન્સિલે ગત તા. ૨૨મી માર્ચથી આજ દિન સુધી અવિરતપણે પોતાની સેવાઓ ચાલુ રાખી છે જેનો લાભ નગરજનોને મળ્યો છે. આ સમય દરમ્યાન સંસ્થાએ આરોગ્ય સુરક્ષા સાધનો જેવા કે ઓક્સિજન કોન્સીલેટર મશીન, ટ્રેકશન પલંગ, વ્હીલચેર, ટોયલેટ ચેર, વોકર વગેરે મળીને કુલ ૧૧૦ જરૂરમંદ વ્યક્તિઓને મદદરૂપ બની છે. આ સમય દરમ્યાન અંતિમવિધિ માટેની આશરે ૧૨૫ કીટનું વિતરણ કરવા ઉપરાંત સંસ્થાએ અંતિમવિધિના આશરે ૧૩૫ કોલ એટેન્ડ કર્યા છે. આ સાથે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ભલામણથી દર્દીને તેઓના ઘર સુધી મુકવા જવા તથા ટ્રાન્સફર કરવાના આશરે ૫૦ કોલ એટેન્ડ કર્યા છે. આ ઉપરાંત અનાજની કીટનું વિતરણ, સેનેટાઈઝર વિતરણ, અબોલ પક્ષીઓને ચણ વગેરે અનેકવિધિ કામગીરી સફળતાપૂર્વક કરી છે. સંસ્થાના કાર્યકરો દ્વારા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં રકતની અછતને પહોંચી વળવા માટે આશરે ૧૫ યુનિટ્સ રકતદાન પણ પુરુ પાડવામાં આવ્યું છે.

જુસિકાના વોરિયર્સને બિરદાવવા કોલ કે મેસેજ કરો

ગાંધીનગરના નગરજનો જો સંસ્થાની કામગીરીને અને વોરિયર્સનું મનોબળ મજબુત કરવા તથા તેઓને બિરદાવવા માંગતા હોય તો સંસ્થાના ફેસબુક પેજ મારફ્તે અથવા વોટ્સએપ નંબર: ૯૮૨૪૩૩૮૦૦૮ તથા ૯૪૦૯૫ ૩૩૩૨૫ ઉપર મેસેજ કે કોલ કરી પ્રતિભાવ તથા સૂચન આપવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

જુસિકાની દરેક સેવાકીય પ્રવૃતિઓની સફળતામાં સંસ્થાના માનદ સેવકોની કામગીરીને વિસરી શકાય તેમ નથી. આ સાથે સંસ્થા એ ૨૧માં વર્ષના મંગલપ્રવેશે તેના તમામ સ્થાપક સભ્યો, આજીવન સભ્યો, નામી-અનામી દાતાઓ તથા સંસ્થાને હરહંમેશ તન, મન, ધનથી સહયોગ આપનાર સેવાપ્રેમી નગરજનો સંસ્થાને પ્રત્યક્ષ યા પરોક્ષ મદદરૂપ થનાર તમામ સંસ્થાઓ, સરકારી કર્મચારીઓ, વેપારીઓ, વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલા નાગરિકો વગેરે પ્રત્યે આભાર વ્યકત કર્યો છે. હાલના કોવિડ-૧૯ જેવી મહામારીના સંજોગોમાં પણ સેવકોએ નિષ્ઠાપુર્વક પોતાની તેમજ પોતાના કુટુંબીજનોની પરવા કર્યા વગર પોતાની જે ફરજ બજાવી છે જેમનો સંસ્થા દ્વારા વિશેષ આભાર માનવામાં આવ્યો છે.